WPL ઓક્શન : સોફી મોલિન્યૂ સૌથી વધુ રૂ. 1-1 કરોડમાં વેચાઇ

યુપી વોરિયર્ઝે સોફી મોલિન્યૂ માટે આરસીબી સાથે લાંબી ખેંચતાણ પછી સર્વાધિક રૂ. 1.1 કરોડની બોલી લગાવી

સ્કોટલેન્ડની ઓલરાઉન્ડર કેથરિન બ્રાઇસ WPL ઓક્શનમાં વેચાનારી એસોસિએટ દેશની પ્રથમ ખેલાડી બની

રૂ. 75 લાખ સાથે કિરણ નવગીરે ઓક્શનમાં સૌથી મોંઘી ભારતીય ખેલાડી, જેસ જોનાસેન, જી કમલિનીને રૂ. 40 લાખ મળ્યા

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : મહિલા પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ)ના આજે અહીં યોજાયેલા ઓક્શનમાં યુપી વોરિયર્ઝે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન સોફી મોલિન્યૂને આરસીબી સાથેની લાંબી બોલીની ખેંચતાણ પછી 1.1 કરોડ રૂપિયાની મોટી રકમ ચૂકવીને પોતાની ટીમમાં સામેલ કરી છે. દિલ્હી કેપિટલ્સે આક્રમક બેટ્સમેન કિરણ નવગીરેને 75 લાખ રૂપિયામાં પોતાની સાથે જોડી છે. કિરણ માટે મુંબઈ ઇન્ડિયન્સે પણ બોલી લગાવી હતી.

આ સિવાય યુપી વોરિયર્ઝે ભારતીય ઓલરાઉન્ડર સ્નેહ રાણાને 30 લાખ રૂપિયામાં અને અનુભવી ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર ગ્રેસ હેરિસને પણ 30 લાખ રૂપિયામાં ખરીદીને પોતાની ટીમને વધુ મજબૂત બનાવી છે. દિલ્હી કેપિટલ્સે વિકેટકીપર બેટ્સમેન સુષમા વર્માને 30 લાખ રૂપિયામાં, સ્કોટલેન્ડની લેફ્ટ આર્મ સ્પિનર કિર્સ્ટી ગોર્ડનને 10 લાખ રૂપિયામાં અને 15 વર્ષીય ઓલરાઉન્ડર ઉમા કાશ્વીને 10 લાખ રૂપિયામાં ખરીદી છે.

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર જેસ જોનાસેનને 40 લાખ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કરી છે. જોનાસેન હાલ ઈજાના કારણે ડબલ્યુબીબીએલમાંથી બહાર છે, પરંતુ ડબલ્યુપીએલ શરૂ થાય ત્યાં સુધીમાં તે ફિટ થઈ જવાની શક્યતા છે. ગુજરાત જાયન્ટ્સે ભારતની યુવા બેટ્સમેન જી કમલિનીને 40 લાખ રૂપિયામાં અને આયર્લેન્ડની ઓલરાઉન્ડર ઓર્લા પ્રેન્ડરગાસ્ટને 30 લાખ રૂપિયામાં પોતાની સાથે જોડી છે.

યુપી વોરિયર્ઝે સ્કોટલેન્ડની ઓલરાઉન્ડર કેથરિન બ્રાઇસને 10 લાખ રૂપિયામાં ખરીદી હતી. આ સાથે જ તે ડબલ્યુપીએલ ઓક્શનમાં વેચાનારી એસોસિએટ કન્ટ્રીની પ્રથમ ખેલાડી બની ગઈ છે. મુંબઈ ઇન્ડિયન્સે દિશા કાસાટ, સાનિકા ચાલકે, ભારતી રાવલ અને લતિકા ઇનામદાર જેવા બિનઅનુભવી ખેલાડીઓને 10-10 લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ પર પોતાની ટીમમાં સામેલ કર્યા છે.

બીજી તરફ ભારતની ઝડપી બોલર ટાઇટાસ સાધુ, સાયકા ઇશાક, તાનિયા ભાટિયા, ઉમા છેત્રી અને ઇંગ્લેન્ડની ટોપ ઓર્ડર બેટ્સમેન સોફિયા ડંકલી આ ઓક્શનમાં અનસોલ્ડ રહી હતી.

15 વર્ષની ઉમા કાશ્વી WPLમાં સાઇન થયેલી સૌથી નાની વયની ખેલાડી

કર્ણાટકની ઓલરાઉન્ડર કાશ્વી કાંડિકુપ્પા, જેને ઉમા કાશ્વી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બુધવારે (28 ઓક્ટોબર) મહિલા પ્રીમિયર લીગમાં કરારબદ્ધ થનારી સૌથી નાની વયની પ્રથમ 15 વર્ષની ક્રિકેટર બની. ઓક્શનમાં સોદાણ કરવા માટે જાણીતી દિલ્હી કેપિટલ્સે આ તરુણી પર રૂ. 10 લાખ ખર્ચ્યા હતા. કાંડિકુપ્પાએ હરિયાણાની દિયા યાદવનો રેકોર્ડ તોડ્યો, જે ગયા વર્ષે 16 વર્ષની ઉંમરે દિલ્હી કેપિટલ્સમાં જોડાઇ હતી.

ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સીરિઝમાંથી પ્રસિદ્ધ બહાર, નબીને તક મળી શકે

હેમસ્ટ્રિંગની ઇજામાંથી સંપૂર્ણ સાજા ન થવાને કારણે પ્રસિદ્ધ કૃષ્ણા ટીમમાંથી બહાર થયો

આગામી ટેસ્ટ સીરિઝ માટે CoE ખાતે 1 અને 2 નવેમ્બરે પ્રસિદ્ધનો ફિટનેસ ટેસ્ટ લેવાશે

નવી દિલ્હી, તા. 28 (પીટીઆઇ) : ન્યૂઝીલેન્ડ સામે આગામી ચોથી નવેમ્બરથી શરૂ થઇ રહેલી પાંચ મેચની વન-ડે સીરિઝમાંથી ભારતીય ઝડપી બોલર પ્રસિદ્ધ કૃષ્ણા બહાર થઇ ગયો છે. હેમસ્ટ્રિંગની ઇજામાંથી તે હજુ સંપૂર્ણ રીતે મુક્ત થઇ શક્યો નથી. તેની જગ્યાએ હાલ ન્યૂઝીલેન્ડમાં જ હાજર જમ્મુ-કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબીનો ટીમમાં સમાવેશ કરવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે.

ટેસ્ટ ક્રિકેટ સામે ગુવાહાટી ખાતે રમાયેલી બીજી વન-ડે મેચ દરમિયાન પ્રસિદ્ધને ઇજા પહોંચી હતી. બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે એક અને બે નવેમ્બરે તેની ફિટનેસ ટેસ્ટ હાથ ધરાશે. બીસીસીઆઇના સૂત્રોના જણાવ્યા અનુસાર, વન-ડે કરતાં ટેસ્ટ સીરિઝ માટે પ્રસિદ્ધનું ફિટ હોવું વધુ જરૂરી છે, તેથી તેને ઉતાવળે વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં.

બીજી તરફ, ભારત એ અને ન્યૂઝીલેન્ડ એ વચ્ચેની પ્રથમ રેડ-બોલ મેચમાં આકિબ નબીએ 7 વિકેટ ઝડપીને શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનથી પસંદગીકારો પ્રભાવિત થયા છે. વન-ડે શ્રેણી માટે ભારતીય બોલિંગ આક્રમણ પ્રમાણમાં ઓછો અનુભવ ધરાવતું હશે, જેમાં મહંમદ સિરાજ સિવાયના મુખ્ય બોલરો પાસે બહુ ઓછી મેચોનો અનુભવ છે. જસપ્રીત બુમરાહને ટેસ્ટ મેચો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વન-ડે સીરિઝમાંથી આરામ આપવામાં આવ્યો છે.

વૈષ્ણવીના પંજાથી ભારતે ઝિમ્બાબ્વેને હરાવી વન ડે સીરિઝમાં પણ ક્લીનસ્વીપ કર્યું

વૈષ્ણવી શર્માની પાંચ વિકેટથી ઝિમ્બાબ્વેનો માત્ર 131 રનમાં જ વિંટો વળી ગયો

પ્રતિકા રાવલ-શેફાલી વર્માની અડધી સદીની મદદથી ભારતે માત્ર 17 ઓવરમાં જ આઠ વિકેટે મેચ જીતી

વડોદરા, તા. 28 : આજે બુધવારે અહીં રમાયેલી ત્રીજી વન ડેમાં ડાબોડી સ્પિનર વૈષ્ણવી શર્માની પાંચ વિકેટ અને પ્રતિકા રાવલ અને શેફાલી વર્માની નોટઆઉટ અર્ધસદીઓની મદદથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઝિમ્બાબ્વેને 8 વિકેટે હરાવીને વન ડે સીરિઝમાં પણ 3-0થી ક્લીનસ્વીપ કર્યું હતું. આ પહેલા ભારતે ટી 20 સીરિઝમાં પણ 3-0થી ક્લીનસ્વીપ કર્યું હતું.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ 39.3 ઓવરમાં 131 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. વૈષ્ણવી શર્માએ 10 ઓવરમાં 39 રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. 20 વર્ષીય વૈષ્ણવીએ પોતાની કારકિર્દીની ત્રીજી જ વનડેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ઝિમ્બાબ્વે તરફથી ઓપનર મોડેસ્ટર મુપાચિકવાએ સૌથી વધુ 37 રન બનાવ્યા હતા. ભારત તરફથી ક્રાંતિ ગૌડ અને સાયલી સતઘરેએ પણ 2-2 વિકેટ લીધી હતી.

વિજય માટે 132 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે 17 ઓવરમાં જ 2 વિકેટના ભોગે લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધો હતો. ભારત માટે પ્રતિકા રાવલે 56 બોલમાં નોટઆઉટ 59 જ્યારે ચોથા ક્રમે બેટિંગ કરવા આવેલી શેફાલી વર્માએ માત્ર 26 બોલમાં નોટઆઉટ 51 રનની આક્રમક ઇનિંગ રમી હતી. ઓપનિંગમાં આવેલી યાસ્તિકા ભાટિયા પહેલા જ બોલે આઉટ થઈ

ટી-20 રેન્કિંગ્સમાં અભિષેક ફરી નંબર વન, ઇશાન ત્રીજા સ્થાને સરક્યો

ટેસ્ટ ઓલરાઉન્ડરમાં ચાર વર્ષ પછી જાડેજાએ નંબર વનનું સ્થાન ગુમાવ્યું, માર્કો યાન્સન ટેસ્ટમાં નંબર વન બોલર અને ઓલરાઉન્ડર બન્યો

દુબઈ, તા. 28 (પીટીઆઇ) : આઇસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના પુરુષ ટી 20 ઇન્ટરનેશનલ બેટિંગ રેન્કિંગ્સમાં ભારતીય ઓપનર અભિષેક શર્માએ ફરી નંબર વન બેટ્સમેન બની ગયો છે. ટોચના સ્થાને રહેલો ઇશાન કિશન બે ક્રમ નીચે ઉતરીને ત્રીજા સ્થાને સરકી ગયો છે. જ્યારે પાકિસ્તાનનો ટી 20 કેપ્ટન સાહિબઝાદા ફરહાન બીજા સ્થાને પહોંચી ગયો છે.

તાજેતરના રેન્કિંગ મુજબ અભિષેક 897 રેટિંગ પોઇન્ટ્સ સાથે પ્રથમ, ફરહાન 883 પોઇન્ટ્સ સાથે બીજા અને ઇશાન 866 પોઇન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. આ સિવાય ભારતનો ટી 20 કેપ્ટન શ્રેયસ અય્યર પાંચ સ્થાન નીચે ઉતરીને 798 રેટિંગ પોઇન્ટ્સ સાથે છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે.

બીજી તરફ ટેસ્ટ ક્રિકેટમાં સાઉથ આફ્રિકાના માર્કો યાન્સને મોટો અપસેટ કરીને ભારતના રવીન્દ્ર જાડેજાને પાછળ છોડીને ટેસ્ટમાં વિશ્વના નંબર 1 ઓલરાઉન્ડરનું સ્થાન હાંસલ કર્યું છે. જાડેજા છેલ્લા ચાર વર્ષ વધુ સમયથી આ સ્થાને હતો. આ ઉપરાંત યાન્સન ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને ટેસ્ટમાં વિશ્વનો નંબર વન બોલર પણ બની ગયો છે. ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ એક સ્થાન નીચે ઉતરીને 851 રેટિંગ પોઇન્ટ્સ સાથે ટ્રીજા સ્થાને પહોંચી ગયો છે.

ટી-20 ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	અભિષેક શર્મા	ભારત	897
2	સાહિબઝાદા ફરહાન	પાકિસ્તાન	883
3	ઇશાન કિશન	ભારત	866
4	[illegible]	ઇંગ્લેન્ડ	[illegible]
5	[illegible]	[illegible]	[illegible]
6	[illegible]	[illegible]	[illegible]
7	[illegible]	ઇંગ્લેન્ડ	[illegible]
8	[illegible]	[illegible]	[illegible]
9	[illegible]	ભારત	[illegible]
10	[illegible]	ભારત	[illegible]

ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બોલર્સ

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	માર્કો યાન્સન	દક્ષિણ આફ્રિકા	[illegible]
2	મિચેલ સ્ટાર્ક	ઓસ્ટ્રેલિયા	[illegible]
3	જસપ્રીત બુમરાહ	ભારત	[illegible]
4	[illegible]	[illegible]	[illegible]
5	[illegible]	ભારત	853
6	[illegible]	ઓસ્ટ્રેલિયા	829
7	[illegible]	ઓસ્ટ્રેલિયા	817
8	[illegible]	દક્ષિણ આફ્રિકા	806
9	[illegible]	ઓસ્ટ્રેલિયા	806
10	નોમાન અલી	પાકિસ્તાન	777

ઘાયલ જોનાસેનના સ્થાને યાસ્તિકા બ્રિસ્બેન હીટમાં

બ્રિસ્બેન, તા. 28 : ભારતીય વિકેટકીપર-બેટ્સમેન યાસ્તિકા ભાટિયાએ બુધવારે મહિલા બિગ બેશ લીગ (ડબલ્યુબીબીએલ) માટે બ્રિસ્બેન હીટ સાથે કરાર કર્યો છે. [illegible] માટે ભારતીય ક્રિકેટર યાસ્તિકા ભાટિયાનું તેમની ટીમમાં સ્વાગત કરે છે. તે આ સપ્તાહના અંતે સિડનીમાં સિડની થંડર સામેની મેચ માટે ટીમ સાથે જોડાશે.

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

મહારાષ્ટ્ર સામે આર્ય દેસાઇની નોટઆઉટ સદીથી ગુજરાત મેચ ચોથા દિવસે લઇ ગયું

[illegible]

ભુતની છ વિકેટથી સૌરાષ્ટ્ર આસામ સામે મોટી જીત તરફ

[illegible]

વડોદરા જમ્મુ-કાશ્મીર સામે એક દાવથી મેચ જીતવાની નજીક

[illegible] બેટ્સમેનોની મદદથી પ્રથમ ઇનિંગ્સમાં 616 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. જવાબમાં, જમ્મુ અને કાશ્મીરની ટીમ 303 રનમાં ઓલઆઉટ થતા તે ફોલોઓન થયું હતું. જમ્મુ અને કાશ્મીરનો સ્કોર બીજા દાવમાં 1 વિકેટે 8 રન છે અને ઇનિંગ્સ હાર ટાળવા માટે તેને 305 રનની જરૂર છે.

કેરળ સામે બંગાળ મોટી જીત તરફ આગળ વધ્યું

મેંગલુરુ : રણજી ટ્રોફી ગ્રુપ બીની મેચમાં 355 રનનો પીછો કરી રહેલા કેરળનો 53 રનમાં ચાર વિકેટ પડી જતાં બંગાળે 3 દિવસ બીજી જીતની આશા મજબૂત બનાવી. મુશ્કેલ પીચ પર, કેરળ સામે જીત માટે 302 રન બનાવવા અને છ વિકેટ બચાવવાનો પડકાર છે. અગાઉ, બંગાળના બોલરોએ પણ પ્રથમ ઇનિંગ્સમાં શાનદાર પ્રદર્શન કરીને કેરળનો પ્રથમ દાવ 141 રને સમેટીને ટીમને 209 રનની સરસાઇ અપાવી હતી. તે પછી કેરળના બોલરોના પાંચ વિકેટથી બંગાળને બીજા દાવમાં 145 રનમાં ઓલઆઉટ કર્યું હતું.

મુશીરના ઓલરાઉન્ડ પ્રદર્શનથી હરિયાણા સામે મુંબઇએ સકંજો કસ્યો

મુંબઇ : રણજી ટ્રોફી એલીટ ગ્રુપ ડીની અહીં રમાતી એક મેચમાં આજે મુશીર ખાનના શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શનના કારણે મુંબઇએ પ્રથમ ઇનિંગ્સમાં 180 રનની જંગી સરસાઇ મેળવીને ફોલોઓન કરાવ્યા બાદ હરિયાણા પર સકંજો કસ્યો હતો. મુશીરે ત્રેવડી સદી ફટકાર્યા અને પછી બોલિંગમાં છ વિકેટ લઇને હરિયાણાનો પ્રથમ ઇનિંગ્સ 270 રન પર રોકી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી. મુંબઇએ હરિયાણાને ફોલોઓન આપ્યા પછી ત્રીજા દિવસની રમતના અંતે, હરિયાણાએ તેના બીજા દાવમાં બે વિકેટે 73 રન બનાવ્યા હતા.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રણછોડ પરબીઆ

બરોળ, યકૃત અને પપૈયું

મોટું કાચું પપૈયું લઇ, આડું તેની તેની ફરતી ચીરો કરાવી કાચો. આ ચીરાઓ જ્યારે દવા ચીરા કરી સ્થિર થાય ત્યારે. [illegible] ચીરી કરી પપૈયું વચ્ચે કરી પાણીના પડ ચઢાવી ફીને ઢાણા પડ ચઢાવવું. [illegible]

સુડોકુ ૬૬૬૬

				૫	૩		૮	૯
૬			૯		૭		૨	
૯					૬		૭	
૪	૮		૭					
	૨	૭		૩				
૧	૯		૮		૫		૬	૭
૩	૪	૧	૫			૮	૯	
૨		૯		૬	૮		૩	૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસનાં દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રિપીટ ન થવો જોઇએ. એક અંક ત્રીજી વાર આડી કે ઊભી લાઇનમાં [illegible] વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬૬૬૬ સુડોકુ ઉકેલ

શબ્દગુંફન - ૭૨૮૨

[illegible]

આજનું પંચાંગ

તા. 29/10/2026, ગુરુવાર

[illegible]

આપની આજ

[illegible]

કોઇ પણ સાલમાં 29 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

[illegible]

અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

યુરોપિયન યુનિયન, સિંગાપોર અને બ્રિટનની જેમ પત્રકારો માટે કોઇ ટોચના મુક્તિ કે છૂટછાટ ન હોવી એ ચિંતાજનક બાબત હતી. ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ એસોસિએશન (ડીએનપીએ) દ્વારા સર્વોચ્ચ અદાલતમાં કરાયેલી અરજીમાં આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી રોઇટર્સના અહેવાલ મુજબ, 6 ઓક્ટોબરે નોંધાયેલી આ પીટિશન પાછલી કાયદા સંબંધ સોથી હાઇ પ્રોફાઇલ પડકાર છે. અત્યાર સુધી માત્ર ફ્રી સ્પીચ એક્ટિવિસ્ટ્સ અને નાના ન્યૂઝ આઉટલેટ્સના જૂથે જ તેને પડકાર્યો હતો. પિટિશનર્સ માગ કરી રહ્યા છે કે કાયદાની મોટા ભાગની વિવાદાસ્પદ જોગવાઇઓ, જે ગે 2027થી અમલમાં આવવાની છે, તેને રદ કરવામાં આવે.

'વંદે માતરમ્' વિનાયલ આલ્બમનું દિલ્હીમાં વિમોચન

લોકરક્ષક ઇન્ડી અભિલેશ ઝા અને રશ્મિતા ઝા, જેઓ ટાર્ગેટ ફોન રેકોર્ડ્સ દ્વારા ઇતિહાસનું દસ્તાવેજીકરણ કરે છે અને 'વંદે માતરમ્'ના 150 વર્ષ પૂર્ણ થવા પર એક પુસ્તક પર કામ કરી ચૂક્યા છે, તેમના માટે એ ખાસ ક્ષણ હતી જ્યારે આ સપ્તાહની શરૂઆતમાં દિલ્હીમાં તેમનું વિનાયલ આલ્બમ 'મૈં ઝંખથ : વંદે માતરમ્' રિલીઝ થયું. આ આલ્બમમાં પોતાનો અવાજ આપનાર પ્લેબેક સિંગર એ. હરિહરને જણાવ્યું કે, જ્યારે અભિલેશ ઝા રાષ્ટ્રીય ગીત રેકોર્ડ કરવા અને ગાવાનો પ્રસ્તાવ લઇને તેમની પાસે આવ્યા ત્યારે તેમણે સંગીત આપવા માટે માત્ર પાંચ સેકન્ડનો સમય લીધો હતો. ઝા હાલમાં સમીર વિકાસ મંત્રાલયમાં ચીફ ડેટોરેટર ઓફ એક્ઝિબિટ્સ તરીકે કાર્યરત છે અને તેમના પત્ની રશ્મી ઝા, આઇએઆરએસ અધિકારી, એનટીસીસીમાં ચીફ વિજિલન્સ ઓફિસર તરીકે સેવા આપી રહ્યા છે. દિલ્હીની શરૂઆતમાં હિન્દી અને હરિહરને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આ આલ્બમની એક નકલ ભેટ આપી હતી.

મતદારયાદી સુધારણા પર સુપ્રીમ કોર્ટની મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા

સર્વોચ્ચ અદાલતે એવા મતદારોની ચિંતા દૂર કરવાનો પ્રયાસ કર્યો છે કે જેમના નામ મતદારયાદીની ખાસ સઘન સુધારણા (એસઆઇઆર) દરમિયાન રદ કરવામાં આવશે હતા અને તેમણે ફરીથી નામ નોંધાવવા માટે ફોર્મ 6 જમા કરાવ્યું છે, પરંતુ એવી આશંકા છે કે, તેઓ કોઇ અપરાધ કરી રહ્યા છે. કારણ કે, આ પ્રક્રિયા માત્ર નવા મતદારોની નોંધણી માટે છે. ત્રણ ન્યાયાધીશોની ખંડપીઠનું નેતૃત્વ કરી રહેલા ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે મંગળવારે એસઆઇઆરને પડકારતી અરજીની સુનાવણી દરમિયાન ટિપ્પણી કરી હતી કે, "કોઇની સામે કેસ ચલાવવામાં આવશે નહીં." અરજદાર અરૂણ આનંદગિરી તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ અરવિંદ દાતારે જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચે જેમના નામ રદ કર્યા છે તેવા મતદારોને નવા મતદારો તરીકે નોંધણી કરાવવા માટે ફોર્મ 6 ભરવા કહ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે ફોર્મ 6 માત્ર પ્રથમ વારના મતદારો માટે જ છે; તેથી, નામો રદ થયેલ મતદારો એ ફોર્મ ભરીને ગુનો કરી રહ્યા હોઇ શકે છે. દાતારે કહ્યું, "રદ થયેલ મતદારો માટે કોઇ અલગ ફોર્મ નથી, માત્ર ફોર્મ 6 જ ઉપલબ્ધ છે. જો હું હાલના મતદાર તરીકે ફોર્મ 6 ભરું છું, તો તે ગુનો બને છે કારણ કે હું ખોટું ફોર્મ ભરી રહ્યો છું. ફોર્મ 6 માત્ર નવા મતદારો માટે જ છે."

આંધ્રમાં 'અર્નબ'...

સિવાયના તમામ જિલ્લાઓમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવાયો છે.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, અમારા અનેક પ્રયાસો છતાં આજે પાંચ લોકોનાં મોત થયાં છે. અમે અગાઉથી ચેતવણી આપી હતી, કેટલાક લોકોએ સહકાર આપ્યો પરંતુ કેટલાક લોકો બેદરકાર રહીને બહાર નીકળ્યા અને દુર્ઘટનાનો ભોગ બન્યા.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અતિ ગંભીર ચક્રવાતી વાવાઝોડું 'અર્નબ' બુધવારે રાત્રે 2:00 વાગ્યાથી સવારે 8:00 વાગ્યા દરમિયાન આંધ્ર પ્રદેશ અને યાનમના તટ વચ્ચે પસાર થયું હતું.

બંગાળની ખાડીમાં અંતરવેદી તટ પાસે ખરાબ દરિયાઇ પરિસ્થિતિને કારણે એક કાર્ગો જહાજ ફસાઇ ગયું હોવાના અહેવાલ છે.

27 ઓક્ટોબરના રોજ સવારે 8:30 વાગ્યાથી 28 ઓક્ટોબરના રોજ સવારે 4:30 વાગ્યા સુધી અનેક સ્થળોએ 200 મિમીથી વધુ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે ગુરુવારે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે અને 12 જિલ્લાઓ માટે મધ્યમથી ઉચ્ચ સ્તરની ફ્લેશ ફ્લડ (અચાનક પૂર)ની ચેતવણી જારી કરી છે.

ડીપીડીપી એક્ટથી...

અપવાદના અભાવે મુશ્કેલી ઊભી થઇ શકે છે, જ્યારે સરકારી સૂત્રોએ સંકેત આપ્યા હતા કે પત્રકારત્વને સુરક્ષિત કરવા માટે કાયદામાં સુધારો પણ કરી શકાય છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે ડીપીડીપી એક્ટ સુપ્રીમ કોર્ટના એ ચુકાદા પછી આવ્યો છે જેમાં ગોપનીયતાના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે માન્યતા આપવામાં આવી હતી. આ કાયદો ઘડતી વખતે અખબારો, ટેલિવિઝન ચેનલ અને આઇટી ઉદ્યોગ સહિતના હિસ્સેદારો સાથે વ્યાપક પરામર્શ કરવામાં આવ્યો હતો. મંત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે ડેટા સુરક્ષા કાયદો સ્વતંત્ર પ્રેસની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો નથી અને પત્રકારો માટેની સ્વતંત્રતા બંધારણમાંથી આવે છે જે કોઇ પણ કાયદા દ્વારા ઓછી કરી શકાતી નથી. તંત્રીઓ સાથે અગાઉ થયેલી ચર્ચાઓનો ઉલ્લેખ કરીને તેમણે ફરીથી ઔપચારિક બેઠક યોજવાની તૈયારી દર્શાવી હતી.

રિલાયન્સના જોરે...

જિઓ પ્લેટફોર્મ્સનું 13 લાખ કરોડ અને જિઓ ફાઇનાન્શિયલ સર્વિસીઝનું 1.35 લાખ કરોડ છે. આ સાથે રિલાયન્સ જૂથનું સંયુક્ત બજાર મૂલ્ય 30 લાખ કરોડ થઇ ગયું છે.

ટાટા જૂથ પાછળ છૂટ્યું: ટીસીએસ, ટાટા સ્ટીલ, ટાઇટન, ટાટા પાવર, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને ટ્રેન્ટ સહિતના ટાટા જૂથની કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય 25.26 લાખ કરોડ છે. અત્યાર સુધી લાંબા સમય સુધી ટાટા જૂથ આ યાદીમાં પ્રથમ ક્રમે હતું.